# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 08-01-2025 Day: Wednesday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર જાગૃતિ વકીલ વાંચે છે.

---

## રાજ્ય કેબીનેટ બેઠક:

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં HMP વાયરસ પર નિયંત્રણ માટે તકેદારીનાં પગલાં પર ચર્ચા થઈ હતી. આરોગ્ય વિભાગે HMP વાયરસ અંગે તેનો અહેવાલ રજૂ કર્યો હતો.

બેઠકમાં બનાસકાંઠા જિલ્લા નાં વિભાજન બાદ થયેલા વિરોધ મુદ્દે પણ ચર્ચા થઈ હતી. ઉપરાંત, રાજ્ય વિધાનસભાના સત્ર, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને કેટલાંક નીતિગત વિષયો પર ચર્ચા થઈ હતી.

---

## કેન્દ્રીય શીપીંગ મંત્રી-કંડલામાં:

કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે દિન દયાળ પોર્ટ કંડલાના ગ્રીન હાઈડ્રોજન એકસેલન્સ સેન્ટરનું ખાતમુહુર્ત તથા વેસ્ટ રિસાઇકલિંગ પ્લાન્ટ અને કેન્દ્રીય વિદ્યાલયની નવી ઈમારતો સહિતના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું.

શ્રી સોનોવાલે કંડલા મહાબંદરના ભાવિ આયોજનો પૈકી 57 હજાર કરોડના નવા બે પ્રકલ્પ આકાર પામશે તેવી જાહેરાત કરી હતી , જે પૈકી ક્રીક બહાર 27 હજાર કરોડ રૂપિયાના ખર્ચે નવું મેગા ટર્મિનલ પોર્ટ અને 30 હજાર કરોડ રૂપિયાના ખર્ચે શિપ બિલ્ડીંગ પ્રોજેક્ટ સામેલ છે. જેથી , કંડલા પોર્ટ આગામી સમયમાં મેગા ટર્મિનલ પોર્ટ બનશે.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્રીન હાઈડ્રોજન ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે , ત્યારે આગામી દિવસોમાં કંડલા પોર્ટ ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે દેશનું હબ બનશે.

ચાલુ નાણાકીય વર્ષમાં 150 મિલિયન મેટ્રીક ટન કાર્ગો હેન્ડલ કરવા માટેનો લક્ષ્યાંક છે અને આગામી ત્રણ વર્ષમાં પોર્ટ 300 મિલિયન મેટ્રીક ટન કાર્ગો હેન્ડલીંગ કરશે તેમ પણ કેન્દ્રીય શીપીંગ મંત્રીએ ઉમેર્યું હતું.

---------------------------------------------------------------------------------------------------------------

## રાજ્ય પોલીસ ભરતી:

રાજ્યના પોલીસ વિભાગમાં 12 હજાર 472 જગ્યા પર ભરતી કરવા માટે રાજ્યનાં 15 પરીક્ષા કેન્દ્રો પર 10 લાખથી વધુ ઉમેદવારોની શારીરિક કસોટીનો આજથી પ્રારંભ થયો છે. આ પરીક્ષા 31 જાન્યુઆરી સુધી ચાલશે . સેન્ટ્રલ કંટ્રોલ રૂમથી સમગ્ર પ્રક્રિયાનું મોનીટરીંગ કરાશે.

ઉલ્લેખનીય છે કે, બોર્ડ પોલીસની 12 હજાર 472 જગ્યાઓની ભરતી માટે 16 લાખ ઉમેદવારોએ અરજી કરી હતી. જોકે , બિન-હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડરમાં 10 લાખ 73 હજાર 786 ઉમેદવાર કન્ફર્મ થયા છે.

---------------------------------------------------------------------------------------------------------------

## સ્ટાન્ડર્ડ કાર્નિવલ-ગાંધીધામ:

ભારતીય માનક બ્યુરો , ગાંધીધામ શાખા દ્વારા તાજેતરમાં મૈત્રી હાઈસ્કૂલ, આદીપુર ખાતે “સ્ટાન્ડર્ડ કાર્નિવલ” યોજવામાં આવ્યો હતો.

ભારતીય માનક બ્યુરો ફાઉન્ડેશન ડેની ઉજવણી નિમિત્તે આયોજિત “સ્ટાન્ડર્ડ કાર્નિવલ” કાર્યક્રમનો હેતુ દૈનિક જીવનમાં ગુણવત્તા , સલામતી અને કાર્યક્ષમતામાં ધોરણોની મહત્વતા અંગે જાગૃતિ ફેલાવવાનો તથા તેના મહત્વને સમજાવીને ભાવિ પેઢીને પ્રેરણા આપવાનો હતો. ઉપરાંત આ કાર્યક્રમના માધ્યમથી વિવિધ ક્ષેત્રોના ભાગીદારો, ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓને એક પ્લેટફોર્મ ઉપર લાવવામાં આવ્યા હતા.

કુલ ૨૨ વિવિધ ઉદ્યોગોએ વિવિધ ક્ષેત્રોમાં તેમના ઉત્પાદનો રજૂ કરીને ધોરણોના પ્રાયોગિક ઉપયોગ પર પ્રકાશ પાડતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. ઉપરાંત ૩ સ્થાનિક શાળાઓ અને ભુજની સરકારી પૉલિટેક્નિક પોતાના નવીન વૈજ્ઞાનિક મોડલ્સ અને રોબોટિક્સ સાથે ભાગ લીધો હતો.

---

## હવામાન:

રાજ્યમાં ઠંડીનું જોર વધ્યું છે. ખાસ કરીને કચ્છમાં છેલ્લાં ત્રણ દિવસથી તાપમાનનો પારો સતત નીચે જઈ રહ્યો છે. જિલ્લા મથક ભુજ સહિત સરહદી ગામો ઠંડીમાં ધ્રુજી ઉઠ્યા હતા. નલિયામાં આજે 3.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું, જે આ વર્ષનું સૌથી નીચું તાપમાન છે.

લખપત તાલુકાના દયાપરમાં 4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા ઠંડી વધવાથી લોકોને દિવસે પણ તાપણાંનો આશરો લેવો પડ્યો હતો. ભુજમાં પણ પારો ગગડીને 9.2 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યો હતો. અબડાસામાં પણ ઠંડીમાં વધારો થયો છે.

ઠંડી વધવા સાથે જ તેની સૌથી વધુ અસર દુધાળા પશુઓ પર પડી છે. ઠંડીને કારણે દુધાળા પશુઓમાં દૂધ ઉત્પાદનની ક્ષમતામાં ઘટાડો થયો હોવાનું માલધારીઓએ જણાવ્યું હતું . પશુપાલકોએ પશુઓને કંતાન ઓઢા ડી ઠંડીથી રક્ષણ આપ્યું હતું. ઠંડીને લીધે જાહેર માર્ગો ઉપર સવારના સમયે સન્નાટો જોવા મળ્યો હતો.

---

## અંજારના ફોટોગ્રાફર-રાષ્ટ્રમાં પ્રથમ:

અમદાવદના નવજીવન ટ્રસ્ટ ખાતે નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલ એડીશન ૦.૨નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, સામજિક અને સંસ્કૃતિક સંદેશાઓમાં ગાઢ અસર ધરાવતા દેશના વિવિધ ભાગોના ફોટોગ્રાફર્સએ ભાગ લીધો હતો. જેમાં, “લગ્નની ક્ષણો” એ થીમ આધારિત અંજાર તાલુકાના ફોટોગ્રાફર કરણ આહીરનો રબારી લગ્ન સંસ્કૃતિનો ફોટો રાષ્ટ્રીય કક્ષાએ બીજા ક્રમે પસંદ થયો હતો. જે માટે, તેને રૂ. ૨૫ હજારના રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

## પતંગ મહોત્સવ:

ઉત્તરાયણને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ બનાવવા અને દેશ દુનિયાના પતંગબાજોને રાજ્યમાં પતંગ ઉડાવવા માટે આમંત્રિત કરવા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે આગામી તારીખ 11 જાન્યુઆરી થી 14 જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - 2025 નું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓ માં, ખાસ કરીને 13 જાન્યુઆરીના સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - 2025 નું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------------------------